**અગ્રતા ક્રમાંક: ૧૧**

**પ્રશ્ન ક્રમાંક::૧૫/૦૪/૧૭૪૭ માન. ધારાસભ્યશ્રી મોહનભાઈ કોંકણી (વ્યારા)**

**પુરક પ્રશ્નો**

**૧.** કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ નાણાકીય જોગવાઈ કેવી રીતે કરવામાં આવે છે? તથા આ યોજના હેઠળ આજ દિન સુધીમાં કેટલા રૂપિયાનો ખર્ચ થયેલ છે? અને આ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે? **(શ્રી મોહનભાઈ કોંકણી (વ્યારા))**

**૨.** કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત તાપી જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર મળેલ અરજી અને લાભાર્થીની વિગતો શું છે? **(શ્રી ડો. જયરામભાઇ ગામીત (નિઝર) )**

**૩.** કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત તાપી જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકા મુજબ પાકવાર લાભાર્થીની વિગતો શી છે? **(શ્રી મોહનભાઈ ઢોડિયા(મહુવા))**

**૪.** કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત તાપી જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષનો લક્ષ્યાંક તેમજ તે સામે મેળવેલ સિધ્ધીઓની વિગતો શી છે? **(શ્રી મનુભાઇ પટેલ (ઉધના) )**

| અન્ય પુરક પ્રશ્નો/વિગતો | |
|---|---|
| 1. | કૃષિ વૈવિધ્યકરણ યોજનાનું અમલીકરણ કયા વર્ષથી શરૂ કરવામાં આવ્યુ અને યોજનાનો હેતુ શું છે? તથા લાભાર્થીઓને આ યોજના થકી શું લાભ થયેલ છે ? અને તેમની આવકમાં કેટલો વધારો થયેલ છે? |
| 2. | કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થીઓને ક્યા ક્યા પ્રકારના લાભો આપવામાં આવે છે? |
| 3. | કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થીની પસંદગીની પાત્રતા શું છે? તથા લાભાર્થી પસંદગી પ્રક્રિયા વધુ પારદર્શી બને તે માટે ક્યા પગલા લેવામાં આવેલ છે? તથા યોજના હેઠળ લાભાર્થીની પસંદગી પ્રક્રિયા શી છે? |
| ૪. | કૃષિ વૈવિધ્યકરણ યોજનાની અમલવારી તથા યોજનાનું મોનિટરીંગ અને સુપરવિઝન કોના દ્વારા કરવામાં આવે છે? અને કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આપવામાં આવતા બિયારણની ચકાસણી કરવામાં આવે છે કે કેમ? જો હા તો કઈ પદ્ધતિથી ચકાસણી કરવામાં આવે છે? તેમજ ખાતર અને બિયારણની ખરીદી કોના દ્વારા કરવામાં આવે છે? |
| ૫. | કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળેલ છે? |
| ૬. | વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં કૃષિ વૈવિધ્યકરણ યોજનામાં કેટલો યુનિટ કોસ્ટ નિયત થયેલ છે? |
| ૭. | કૃષિ વૈવિધ્યકરણ યોજના શરૂ થયેથી આજ દિન સુધીની વર્ષવાર થયેલ ખર્ચ અને મેળવેલ સિધ્ધીની વિગત શી છે? |
| ૮. | કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત લાભાર્થીને આપવાના થતા બિયારણ અને ખાતરની પસંદગી કોના દ્વારા તથા લાભાર્થીઓને બિયારણ અને ખાતરની કિટ વિતરણ કરવા માટે કેવા પ્રકારની વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે? |
| ૯. | પૂરક નોંધ: કૃષિ વૈવિધ્યકરણ યોજના |

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી મોહનભાઈ કોંકણી (વ્યારા)**

**પ્રશ્ન :૧ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ નાણાકીય જોગવાઈ કેવી રીતે કરવામાં આવે છે? તથા આ યોજના હેઠળ આજ દિન સુધીમાં કેટલા રૂપિયાનો ખર્ચ થયેલ છે? અને આ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે?**

જવાબ:

- કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિ વિકાસ વિભાગની વીકેવાય-૧૯ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ચાલુ બાબત તરીકે દર વર્ષે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.
- આ ઉપરાંત ભારત સરકારશ્રી દ્વારા **આર્ટીકલ ૨૭૫(૧)** જેવી યોજના હેઠળ પણ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તથા આ યોજના હેઠળ આજ દિન સુધીમાં **રૂપિયા ૩૪૬ કરોડ ૭૨ લાખના કુલ ખર્ચે ૧૩ લાખ ૩૧ હાજર ૭૮૪ આદિજાતિ ખેડુતોને** લાભ આપવામાં આવેલ છે.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી ડો. જયરામભાઇ ગામીત (નિઝર)**

**પ્રશ્ન–૨ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત તાપી જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર મળેલ અરજી અને લાભાર્થીની વિગતો શું છે?**

**જવાબ**

**કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત તાપી જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર મળેલ અરજી અને લાભાર્થીની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૩–૨૪ | | વર્ષ ૨૦૨૨–૨૩ | | વર્ષ ૨૦૨૧–૨૨ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજી | લાભાર્થીની સંખ્યા | મળેલ અરજી | લાભાર્થીની સંખ્યા | મળેલ અરજી | લાભાર્થીની સંખ્યા |
| ૧ | કુકરમુંડા | ૪૮૭ | ૪૮૨ | ૩૯૫ | ૩૯૨ | ૬૮૩ | ૬૭૦ |
| ૨ | નિઝર | ૭૩૬ | ૭૦૩ | ૫૪૨ | ૫૪૨ | ૭૬૦ | ૭૨૧ |
| ૩ | ઉચ્છલ | ૨,૫૫૫ | ૨,૪૯૯ | ૨,૪૩૧ | ૨,૩૯૫ | ૪,૧૩૫ | ૩,૮૯૦ |
| ૪ | સોનગઢ | ૧,૯૨૮ | ૧,૫૯૭ | ૧,૨૯૬ | ૧,૨૨૯ | ૧,૭૨૯ | ૧,૬૯૬ |
| ૫ | વ્યારા | ૮૧૦ | ૭૩૫ | ૨૮૯ | ૨૮૭ | ૫૩૨ | ૫૦૧ |
| ૬ | ડોલવણ | ૧,૪૦૮ | ૧,૩૭૪ | ૯૨૨ | ૯૨૨ | ૧,૧૩૯ | ૧,૦૮૬ |
| ૭ | વાલોડ | ૩૮૭ | ૩૭૩ | ૧૪૦ | ૧૪૦ | ૩૮૦ | ૩૫૯ |
| | કુલ | ૮,૩૧૧ | ૭,૭૬૩ | ૬,૦૧૫ | ૫,૯૦૭ | ૯,૩૫૮ | ૮,૯૨૩ |

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા(મહુવા)**

**પ્રશ્ન–૩ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત તાપી જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકા મુજબ પાકવાર લાભાર્થીની વિગતો શી છે?**

**જવાબ: કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત તાપી જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં જીલ્લાવાર પાકવાર લાભાર્થીની વિગતો નીચે મુજબ છે.**

**વર્ષ: ૨૦૨૧–૨૨**

| ક્રમ | તાલુકાનું નામ | કારેલા | દુધી | રીંગણ | ભિંડા | ટામેટા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ડોલવણ | ૧૫૬ | ૨૨૫ | ૨૨૫ | ૪૦૫ | ૭૫ | **૧,૦૮૬** |
| ૨ | નિઝર | ૯૯ | ૨૫ | ૧૪૬ | ૧૫૧ | ૩૦૦ | **૭૨૧** |
| ૩ | વાલોડ | ૫૨ | ૨૮ | ૨૮ | ૨૨૧ | ૩૦ | **૩૫૯** |
| ૪ | કુકરમુંડા | ૧૪૮ | ૧૭૧ | ૧૭૫ | ૧૨૬ | ૫૦ | **૬૭૦** |
| ૫ | ઉચ્છલ | ૧,૦૬૨ | ૧,૦૩૯ | ૮૨૧ | ૮૫૪ | ૧૧૪ | **૩,૮૯૦** |
| ૬ | વ્યારા | ૫૬ | ૧૫ | ૭૦ | ૩૧૧ | ૪૯ | **૫૦૧** |
| ૭ | સોનગઢ | ૪૩૪ | ૩૪૯ | ૪૧૮ | ૪૩૫ | ૬૦ | **૧,૬૯૬** |
| **કુલ** | | **૨,૦૦૭** | **૧,૮૫૨** | **૧,૮૮૩** | **૨,૫૦૩** | **૬૭૮** | **૮,૯૨૩** |

**વર્ષ: ૨૦૨૨–૨૩**

| ક્રમ | તાલુકાનું નામ | કારેલા | દુધી | રીંગણ | ભિંડા | ટામેટા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ડોલવણ | ૧૯૨ | ૬૧ | ૮૫ | ૪૯૧ | ૯૩ | **૯૨૨** |
| ૨ | નિઝર | ૧૬૪ | ૪૯ | ૭૪ | ૧૨૩ | ૧૩૨ | **૫૪૨** |
| ૩ | વાલોડ | ૨૨ | ૧૪ | ૨૦ | ૭૪ | ૧૦ | **૧૪૦** |
| ૪ | કુકરમુંડા | ૧૦૦ | ૫૦ | ૫૦ | ૬૦ | ૧૩૨ | **૩૯૨** |
| ૫ | ઉચ્છલ | ૫૪૯ | ૨૯૬ | ૫૮૩ | ૩૫૩ | ૬૧૪ | **૨૩૯૫** |
| ૬ | વ્યારા | ૨૨ | ૧૩ | ૩૬ | ૧૯૬ | ૨૦ | **૨૮૭** |
| ૭ | સોનગઢ | ૨૩૧ | ૧૦૫ | ૩૦૮ | ૨૨૮ | ૩૫૭ | **૧૨૨૯** |
| **કુલ** | | **૧,૨૮૦** | **૫૮૮** | **૧,૧૫૬** | **૧,૫૨૫** | **૧,૩૫૮** | **૫૯૦૭** |

## વર્ષ: ૨૦૨૩–૨૪

| ક્રમ | તાલુકાનું નામ | તુવેર | જુવાર | ડાંગર/ રીંગણ | ભિંડા | અડદ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ડોલવણ | ૨૧૧ | ૪૦ | ૨૦૨ | ૮૭૯ | ૪૨ | **૧,૩૭૪** |
| ૨ | નિઝર | ૩૨૬ | ૨૦૨ | ૬૭ | ૬૮ | ૪૦ | **૭૦૩** |
| ૩ | વાલોડ | ૮૬ | ૦ | ૧૪૧ | ૧૨૮ | ૧૮ | **૩૭૩** |
| ૪ | કુકરમુંડા | ૨૪૨ | ૧૨૨ | ૫૫ | ૨૫ | ૩૮ | **૪૮૨** |
| ૫ | ઉચ્છલ | ૭૨૧ | ૧૫૫ | ૯૪૮ | ૧૪૦ | ૫૩૫ | **૨,૪૯૯** |
| ૬ | વ્યારા | ૧૪૯ | ૨૧ | ૩૭૪ | ૧૫૩ | ૩૭ | **૭૩૪** |
| ૭ | સોનગઢ | ૪૪૭ | ૬૮ | ૮૬૨ | ૯૯ | ૧૨૧ | **૧,૫૯૭** |
| **કુલ** | | **૨,૧૮૨** | **૬૦૮** | **૨,૬૪૯** | **૧,૪૯૨** | **૮૩૧** | **૭,૭૬૨** |

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી મનુભાઇ પટેલ (ઉધના)**

**પ્રશ્ન–૪ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત તાપી જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષનો લક્ષ્યાંક તેમજ તે સામે મેળવેલ સિદ્ધીઓની વિગતો શી છે?**

**જવાબ:** કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત તાપી જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષનો લક્ષ્યાંક તેમજ તે સામે મેળવેલ સિદ્ધીઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | લક્ષ્યાંક | સિદ્ધીઓ (%) |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૩–૨૪ | ૮,૩૧૧ | ૭,૭૬૩ (૯૩%) |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૬,૦૦૦ | ૫,૯૦૭ (૯૮%) |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૯,૦૦૦ | ૮,૯૨૩ (૯૯%) |
| ૪ | ૨૦૨૦–૨૧ | ૪,૦૦૦ | ૪,૦૦૦ (૧૦૦%) |
| ૫ | ૨૦૧૯–૨૦ | ૬,૭૫૩ | ૬,૫૫૩ (૯૭%) |
| કુલ | | ૩૪,૦૬૪ | ૩૩,૧૪૬ (૯૭%) |

Back To Index

## અન્ય પુરક પ્રશ્નો

**પ્રશ્ન : કૃષિ વૈવિધ્યકરણ યોજનાનું અમલીકરણ કયા વર્ષથી શરૂ કરવામાં આવ્યુ અને યોજનાનો હેતુ શું છે? તથા લાભાર્થીઓને આ યોજના થકી શું લાભ થયેલ છે ? અને તેમની આવકમાં કેટલો વધારો થયેલ છે?**

**જવાબ:**

- કૃષિ વૈવિધ્યકરણ યોજનાનું અમલીકરણ **વર્ષ ૨૦૧૨-૨૦૧૩થી** શરૂ કરવામાં આવ્યુ છે.
- આ યોજનાનો હેતુ આદિજાતિ ખેડુતોને આધુનિક ઢબે ખેતી કરવા પ્રોત્સાહિત કરી, ખેડુતોનું ખેત ઉત્પાદન વધારવું તથા આદિજાતિ પરીવારની આવકમાં વધારો કરી તેઓના પરીવારનું જીવન ધોરણ ઉચ્ચું લાવવાનો છે.
- લાભાર્થીઓને આ યોજના હેઠળ સારી ગુણવતાયુક્ત બિયારણ આપવામાં આવે છે, જેના થકી કૃષિ ઉત્પાદનમાં વધારો થાય છે અને પરીણામે તેઓની આવકમાં વધારો થતા લાભાર્થીનું જીવન ધોરણ ઉચ્ચું આવે છે.
- **ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ (ઈરમા)** દ્વારા હાથ ધરવામાં આવેલ ઈમ્પેક્ટ સ્ટડીના રીપોર્ટ દરમિયાન લાભાર્થીઓને ઉચ્ચ ગુણવતાયુક્ત બિયારણ થકી **આવકમાં ૪૦%-૬૦%નો વધારો** થયેલ હોવાનું માલુમ પડેલ છે.

Back To Index

## પ્રશ્ન : કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થીઓને ક્યા ક્યા પ્રકારના લાભો આપવામાં આવે છે?

જવાબ:

- આ યોજના હેઠળ આદિજાતિ ખેડૂત લાભાર્થીને **વર્ષ ૨૦૨૨-૨૦૨૩** સુધી સુધારેલ મકાઈનું બિયારણ અને શાકભાજીના બિયારણ જેવા કે, રીંગણ, ટામેટા, દુધી, કારેલા અને ભિંડામાંથી કોઈપણ એક જાતના બિયારણ સાથે એક થેલી ૪૫ કિલો યુરીયા તથા એક થેલી **૫૦ કિલો** પ્રોમનું ખાતર આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૩-૨૦૨૪ થી લાભાર્થીને સોયાબીન, મગફળી, ડાંગર, રીંગણ, અડદ, જુવાર, તુવેર, ભીંડા, બાજરા, નાગલી પૈકી કોઈ એક **પાકનું બિયારણ** અને ખાતરમાં ૧ બોટલ (500 ml) નેનો યુરીયા, ૧ થેલી (૫૦ કિલો)પ્રોમ, ૧ થેલી(૫૦ કિલો) ડી.એ.પી. **ખાતર** આપવામાં આવે છે
- સાથે સાથે લાભાર્થી ખેડુતોનું જુથ બનાવી ગ્રામ્ય/તાલુકા કક્ષાએ જી.એસ.એફ.સી. એગ્રોટેક લી.ના કૃષિ તજજ્ઞ દ્વારા રોપણી અંગેની **તાલીમ** આપવામાં આવે છે ઉપરાંત **માર્કેટ લિન્કેજ માટે મદદ** કરવામાં આવે છે.

Back To Index

**પ્રશ્ન : કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થીની પસંદગીની પાત્રતા શું છે? તથા લાભાર્થી પસંદગી પ્રક્રિયા વધુ પારદર્શી બને તે માટે ક્યા પગલા લેવામાં આવેલ છે? તથા યોજના હેઠળ લાભાર્થીની પસંદગી પ્રક્રિયા શી છે?**

જવાબ: **આ યોજના હેઠળ લાભાર્થીની પસંદગીની પાત્રતા નીચે મુજબ છે:**

(૧) લાભાર્થી **આદિજાતિ ખેડુત** હોવો જોઈએ,

(૨) **૦ થી ૨૦ બી.પી.એલ. સ્કોર** ધરાવતા હોવા જોઈએ,

(૩) લાભાર્થી **ઓછામાં ઓછી ૦.૫ એકર જમીન** ધરાવતો હોવો જોઈએ.

(૪) **એફ.આર.એ. લાભાર્થીઓને પ્રાથમિક્તા** આપવામાં આવે છે,

- લાભાર્થી પસંદગી પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બને અને લાભાર્થીને સમયસર યોજનાનો લાભ મળે તે હેતુથી **ડી–સેગ દ્વારા ઓનલાઇન પોર્ટલ** વિકસાવવાની કામગીરી **વર્ષ ૨૦૨૨–૨૦૨૩થી** હાથ ધરવામાં આવેલ છે.
- સદર ઓનલાઈન પોર્ટલ કાર્યાન્વિંત થવાથી આદિજાતિ ખેડુતોએ આ યોજના હેઠળ લાભ મેળવવા માટે કચેરી સુધી જવાની ફરજ પડતી નથી તેમજ અરજી કરવાથી લઈને **લાભ મંજુર થવાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન છે તથા આદિજાતિ ખેડૂત અરજદારશ્રીઓના બીપીએલ સ્કોર મુજબ પસંદગી કરવામાં આવે છે એટલે કે ઓછા બીપીએલ સ્કોરના લાભાર્થીને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે.**

Back To Index

**પ્રશ્ન : કૃષિ વૈવિધ્યકરણ યોજનાની અમલવારી તથા યોજનાનું મોનિટરીંગ અને સુપરવિઝન કોના દ્વારા કરવામાં આવે છે? અને કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આપવામાં આવતા બિયારણની ચકાસણી કરવામાં આવે છે કે કેમ? જો હા તો કઈ પદ્ધતિથી ચકાસણી કરવામાં આવે છે? તેમજ ખાતર અને બિયારણની ખરીદી કોના દ્વારા કરવામાં આવે છે?**

જવાબ:

- યોજનાની **અમલવારી જી.એસ.એફ.સી.ની પેટા કંપની જી.એસ.એફ.સી. એગ્રોટેક લી.** દ્વારા કરવામાં આવે છે તથા યોજનાનું **સુપરવિઝન અને મોનિટરીંગ રાજ્યકક્ષાએ ડી–સેગ** દ્વારા તથા **જીલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી** દ્વારા કરવામાં આવે છે.
- આ યોજના હેઠળ આપવામાં આવતા બિયારણની ચકાસણી જીલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા રેન્ડમ સેમ્પલ લઈ જર્મીનેશન રીપોર્ટ મારફત કરવામાં આવે છે.
- બિયારણની ખરીદી ભારત સરકારશ્રીના નેશનલ સીડ્સ કોર્પોરેશન લી. દ્વારા તથા ખાતર જી.એસ.એફ.સી દ્વારા પુરૂ પાડવામાં આવે છે.

Back To Index

**પ્રશ્ન– કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળેલ છે?**

**જવાબ: કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર અને ભારત સરકાર તરફથી નીચે મુજબની ગ્રાંટ મળેલ છે.**

| ક્રમ | વર્ષ | રાજ્ય સરકાર દ્વારા ફાળવેલ ગ્રાન્ટ | કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ ગ્રાન્ટ | કુલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૮–૨૦૧૯ | રૂ.૫ કરોડ | રૂ.૨૫ કરોડ | રૂ.૩૦ કરોડ |
| ૨ | ૨૦૧૯–૨૦૨૦ | રૂ.૧૫ કરોડ ૬૧ લાખ | રૂ.૧૭ કરોડ ૯૫ લાખ | રૂ.૩૩ કરોડ ૫૬ લાખ |
| ૩ | ૨૦૨૦–૨૦૨૧ | રૂ.૧૫ કરોડ ૬૦ લાખ | રૂ.૧૨ કરોડ ૬૧ લાખ | રૂ.૨૮ કરોડ ૨૧ લાખ |
| ૪ | ૨૦૨૧–૨૦૨૨ | રૂ.૧૫ કરોડ ૬૧ લાખ | શુન્ય | રૂ.૧૫ કરોડ ૬૧ લાખ |
| ૫ | ૨૦૨૨–૨૦૨૩ | રૂ.૩૦ કરોડ | રૂ.૪ કરોડ | રૂ.૩૪ કરોડ |

Back To Index

**પ્રશ્ન– વર્ષ ૨૦૨૩–૨૦૨૪માં  કૃષિ વૈવિધ્યકરણ યોજનામાં કેટલો યુનિટ કોસ્ટ નિયત થયેલ છે?**

**જવાબ: વર્ષ ૨૦૨૩–૨૦૨૪માં  કૃષિ વૈવિધ્યકરણ યોજનામાં નીચે મુજબનો યુનિટ કોસ્ટ નિયત થયેલ છે.**

| ક્રમ | બિયારણનું નામ | બિયારણનો જથ્થો | ખાતર (નામ અને જથ્થો) | | | કિટની કિંમત |
|---|---|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૦ કિલો | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૫,૩૦૦/- |
| ૨ | સોયાબીન | ૨૫ કિલો | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૫,૨૦૦/- |
| ૩ | તુવેર | ૩ કિલો | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૪,૩૨૦/- |
| ૪ | ડાંગર | ૬ કિલો | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૪,૪૮૩/- |
| | રીંગણ | ૨૦ ગ્રામ | | | | |
| ૫ | જુવાર | ૪ કિલો | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૩,૧૦૦/- |
| ૬ | ભિંડા | ૨ કિલો | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૪,૮૭૬/- |
| ૭ | અડદ | ૪ કિલો | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૨,૭૦૦/- |
| ૮ | નાગલી | ૨ કિલો | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૨,૪૮૦/- |
| ૯ | બાજરા | ૧.૫ કિલો | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૨,૭૭૦/- |

(ડી.એ.પી.– ડાય એમોનિયમ ફોસ્ફેટ,   પ્રોમ –ફોસ્ફેટ રીચ ઓર્ગેનિક મેન્યુર)

Back To Index

**પ્રશ્ન– કૃષિ વૈવિધ્યકરણ યોજના શરૂ થયેથી આજ દિન સુધીની વર્ષવાર થયેલ ખર્ચ અને મેળવેલ સિધ્ધીની વિગત શી છે?**

**જવાબ: આ યોજના શરૂ થયેથી આજ દિન સુધીની વર્ષવાર થયેલ ખર્ચ અને મેળવેલ સિધ્ધી નીચે મુજબ છે.**

| વર્ષવાર સિદ્ધી અને ખર્ચ | | | | |
|---|---|---|---|---|
| વર્ષ | ગ્રાન્ટ (રૂ. કરોડમાં) | ખર્ચ (રૂ. કરોડમાં) | લાભાર્થી લક્ષ્યાંક | સિદ્ધિ |
| ૨૦૧૨–૧૩ | ૨૯.૭૯ | ૨૯.૭૯ | ૨,૧૦,૦૦૦ | ૧૦૦% |
| ૨૦૧૩–૧૪ | ૨૨.૯૧ | ૨૨.૯૧ | ૨,૨૩,૦૦૦ | ૧૦૦% |
| ૨૦૧૪–૧૫ | ૩૪.૨૯ | ૩૪.૨૯ | ૧,૩૬,૪૮૭ | ૧૦૦% |
| ૨૦૧૫–૧૬ | ૩૪.૦૦ | ૩૪.૦૦ | ૧,૦૫,૩૭૦ | ૧૦૦% |
| ૨૦૧૬–૧૭ | ૨૯.૯૨ | ૨૯.૯૨ | ૮૫,૬૯૪ | ૧૦૦% |
| ૨૦૧૭–૧૮ | ૧૦.૭૮ | ૧૦.૭૮ | ૩૬,૬૦૪ | ૧૦૦% |
| ૨૦૧૮–૧૯ | ૩૦.૦૦ | ૩૦.૦૦ | ૯૧,૦૯૫ | ૧૦૦% |
| ૨૦૧૯–૨૦ | ૨૮.૨૨ | ૨૮.૨૨ | ૭૦,૫૭૩ | ૧૦૦% |
| ૨૦૨૦–૨૧ | ૩૩.૫૬ | ૩૩.૫૬ | ૭૬,૭૦૦ | ૧૦૦% |
| ૨૦૨૧–૨૨ | ૨૫.૭૪ | ૩૦.૦૦ | ૧,૨૬,૭૦૦ | ૯૪.૦૪% |
| ૨૦૨૨–૨૩ | ૩૪.૦૦ | ૩૩.૨૬ | ૧,૨૩,૭૦૬ | ૮૫.૩૭% |
| ૨૦૨૩–૨૪ | ૩૦.૦૦ | ૩૦.૦૦ | ૭૪,૧૭૪ | ૯૬.૩૯% |
| કુલ | ૩૪૩.૨૦ | ૩૪૬.૭૨ | ૧૩,૬૦,૧૦૩ | ૯૭.૯૨% |

** નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન રૂ.૦૪.૨૬ કરોડ રકમ લાભાર્થી ફાળામાંથી ખર્ચ કરવામાં આવેલ હોય સબબ ગ્રાન્ટ કરતા ખર્ચ વધુ થવા પામેલ છે.

Back To Index

**પ્રશ્ન–** **કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત લાભાર્થીને આપવાના થતા બિયારણ અને ખાતરની પસંદગી કોના દ્વારા તથા લાભાર્થીઓને બિયારણ અને ખાતરની કિટ વિતરણ કરવા માટે કેવા પ્રકારની વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે?**

**જવાબ**

- કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત આદિજાતિ લાભાર્થીઓને આપવાના થતા બિયારણ અને ખાતરની **પસંદગી ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી–સેગ)ની ગવર્નિંગ બોડીમાં** કરવામાં આવે છે.
- લાભાર્થીઓને બિયારણ અને ખાતરના કિટની વિતરણ વ્યવસ્થા માટે ૧૪ આદિજાતિ જીલ્લાના ૫૩ તાલુકા અને સાથે સાથે ગ્રામ્ય સ્તરે અમલીકરણ એજન્સી જી.એસ.એફ.સી. એગ્રોટેલ લી. દ્વારા ૧૩૦ થી વધુ ડેપોની વ્યવસ્થા છે. આ ડેપો પરથી લાભાર્થીઓને કિટનું વિતરણ કરવામાં આવે છે તેમજ લાભાર્થીઓને **વિતરણના સમય અને તારીખ તેમજ સ્થળની વિગત એસ.એમ.એસ.થી તથા ટેલીફોનથી જણાવવામાં** આવે છે.

Back To Index

## **પૂરક નોંધ**

## **કૃષિ વૈવિધ્યકરણ યોજના**

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વનબંધુ કલ્યાણ યોજના (માન.મુખ્ય મંત્રીશ્રીનાં દશ મુદ્દા કાર્યક્રમ)હેઠળ આદિજાતિ વિસ્તારનાં આદિજાતિ ખેડૂત લાભાર્થીઓ માટે અર્થે **ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી–સેગ) ગાંધીનગર દ્વારા કૃષિ વૈવિધ્યકરણ યોજના–અમલમાં** મુકવામાં આવેલ છે

આદિજાતિ જીલ્લાઓમાં **વર્ષ ૨૦૧૨–૨૦૧૩ થી કૃષિ વૈવિધ્યકરણ યોજનાનું અમલીકરણ** કરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨–૨૦૨૩ સુધી યોજના હેઠળ આદિજાતિ ખેડુતોને મકાઈ, દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણના સુધારેલ બિયારણ તથા ડી.એ.પી. યુરીયા અને પ્રોમ ખાતરની કિટ આપવામાં આવતી હતી.

વર્ષ ૨૦૨૨–૨૦૨૩ અને વર્ષ ૨૦૨૩–૨૦૨૪ દરમ્યાન કૃષિવૈવિધ્યકરણ યોજના અંતર્ગત આદિજાતિ ખેડુત લાભાર્થીઓને અનુક્રમે પ્રતિ લાભાર્થી ૦.૫ અને ૧ એકર માટે નીચે મુજબની ખેતી આધારિત કીટ તેમજ સંલગ્ન તાલીમ જી.એસ.એફ.સી એગ્રોટેક લિ. વડોદરા દ્વારા આપવામાં આવે છે.

## વર્ષ ૨૦૨૨–૨૦૨૩ અંતર્ગત ખાતર અને કિટની વિગતો (૦.૫ એકર માટે)

| **ક્રમ** | **બિયારણ** | **બિયારણનો આપવામાં આવતો જથ્થો (કિલો ગ્રામ)** | **ખાતરનો આપવામાં આવતો જથ્થો** | | **બિયારણ તથા ખાતર કીટની કિંમત રૂ.** |
|---|---|---|---|---|---|
| | | | યુરીયા | પ્રોમ (ઓર્ગેનિક મેન્યુઅર) | |
| ૧ | મકાઈ | ૪.૦૦ | ૪૫ | ૫૦ | ૨,૭૧૫/– |
| ૨ | દુધી | ૦.૩૦૦ | ૪૫ | ૫૦ | ૨,૭૪૬/– |
| ૩ | કારેલા | ૦.૫૫૦ | ૪૫ | ૫૦ | ૪,૪૬૨/– |
| ૪ | ભીંડા | ૨.૦૦૦ | ૪૫ | ૫૦ | ૪,૫૫૧/– |
| ૫ | રીંગણ | ૦.૦૩૦ | ૪૫ | ૫૦ | ૨,૦૧૫/– |
| ૬ | ટામેટા | ૦.૦૩૫ | ૪૫ | ૫૦ | ૨,૯૨૭/– |

## વર્ષ ૨૦૨૩–૨૦૨૪ અંતર્ગત ખાતર અને કિટની વિગતો (૧ એકર માટે)

| ક્રમ નં | બિયારણનું નામ | બિયારણનો જથ્થો (કિ.ગ્રામાં) | ખાતર (નામ અને જથ્થો) | | | કિટની કિમત |
|---|---|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૦ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૫૩૦૦/- |
| ૨ | સોયાબીન | ૨૫ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૫૨૦૦/- |
| ૩ | તુવેર | ૩ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૪૩૨૦/- |
| ૪ | ડાંગર | ૬ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૪૪૮૩/- |
| | રીંગણ | ૦.૦૨ | | | | |

| ક્રમ નં | બિયારણનું નામ | બિયારણનો જથ્થો (કિ.ગ્રામાં) | ખાતર (નામ અને જથ્થો) | કિટની કિંમત | ક્રમ નં | બિયારણનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૫ | જુવાર | ૪ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૩૧૦૦/- |
| ૬ | ભિંડા | ૨ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૪૮૭૬/- |
| ૭ | અડદ | ૪ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૨૭૦૦/- |
| ૮ | નાગલી | ૨ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૨૪૮૦/- |
| ૯ | બાજરા | ૧.૫ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૨૭૭૦/- |

## રાજ્યના જીલ્લાવાર ખાતર અને બિયારણની કિટની વિગતો

| કૃષિ વૈવિધ્યકરણ યોજના વર્ષ ૨૦૨૨–૨૦૨૩અને ૨૦૨૩–૨૦૨૪ અંતર્ગત બિયારણ અને ખાતરની વિગતો | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જીલ્લા | વર્ષ ૨૦૨૨–૨૦૨૩ | | વર્ષ ૨૦૨૩–૨૦૨૪ | |
| | | બિયારણ | ખાતર | બિયારણ | ખાતર |
| 1 | બનાસકાંઠા | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | મગફળી અને બાજરી | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 2 | સાબરકાંઠા | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | મગફળી, બાજરી, સોયાબીન | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 3 | અરવલ્લી | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | મગફળી, બાજરી, સોયાબીન | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 4 | મહિસાગર | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | સોયાબીન | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 5 | પંચમહાલ | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | સોયાબીન | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 6 | દાહોદ | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | સોયાબીન અને તુવેર | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 7 | છોટાઉદેપુર | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | સોયાબીન | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 8 | ભરુચ | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | જુવાર અને તુવેર | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 9 | નર્મદા | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | જુવાર અને તુવેર | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 10 | નવસારી | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | ડાંગર અને રીંગણ, ભિંડા | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 11 | વલસાડ | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | ડાંગર અને રીંગણ, ભિંડા, નાગલી | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 12 | સુરત | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | જુવાર, તુવેર, ડાંગર અને ભિંડા અને અડદ | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 13 | તાપી | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | જુવાર , તુવર, ડાંગર અને ભિંડા, નાગલી અને અડદ | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 14 | ડાંગ | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | નાગલી અને તુવેર | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |

| રાજ્યની વર્ષવાર સિદ્ધી અને ખર્ચ | | | | |
|---|---|---|---|---|
| વર્ષ | ગ્રાન્ટ ( રૂ. લાખમાં ) | ગ્રાન્ટ ખર્ચ ( રૂ. લાખમાં ) | લાભાર્થી લક્ષ્યાંક | લાભાર્થી સિદ્ધી |
| ૨૦૧૨–૧૩ | ૨,૯૭૯ | ૨,૯૭૯ | ૨,૧૦,૦૦૦ | ૨,૧૦,૦૦૦ |
| ૨૦૧૩–૧૪ | ૨,૨૯૧ | ૨,૨૯૧ | ૨,૨૩,૦૦૦ | ૨,૨૩,૦૦૦ |
| ૨૦૧૪–૧૫ | ૩,૪૨૯ | ૩,૪૨૯ | ૧,૩૬,૪૮૭ | ૧,૩૬,૪૮૭ |
| ૨૦૧૫–૧૬ | ૩,૪૦૦ | ૩,૪૦૦ | ૧,૦૫,૩૭૦ | ૧,૦૫,૩૭૦ |
| ૨૦૧૬–૧૭ | ૨,૯૯૨ | ૨,૯૯૨ | ૮૫,૬૯૪ | ૮૫,૬૯૪ |
| ૨૦૧૭–૧૮ | ૧,૦૭૮ | ૧,૦૭૮ | ૩૬,૬૦૪ | ૩૬,૬૦૪ |
| ૨૦૧૮–૧૯ | ૩,૦૦૦ | ૩,૦૦૦ | ૯૧,૦૯૫ | ૯૧,૦૯૫ |
| ૨૦૧૯–૨૦ | ૨,૮૨૨ | ૨,૮૨૨ | ૭૦,૫૭૩ | ૭૦,૫૭૩ |
| ૨૦૨૦ –૨૧ | ૩,૩૫૬ | ૩,૩૫૬ | ૭૬,૭૦૦ | ૭૬,૭૦૦ |
| ૨૦૨૧–૨૨ | ૨,૫૭૪ | ૩,૦૦૦ | ૧,૨૬,૭૦૦ | ૧,૧૯,૧૫૩ |
| ૨૦૨૨–૨૩ | ૩,૪૦૦ | ૩,૩૨૬ | ૧,૨૩,૭૦૬ | ૧,૦૫,૬૧૩ |
| ૨૦૨૩–૨૪ | ૩,૦૦૦ | ૩,૦૦૦ | ૭૪,૧૭૪ | ૭૧,૪૯૫ |
| કુલ | ૩૪,૩૨૦ | ૩૪,૬૭૨ | ૧૩,૬૦,૧૦૩ | ૧૩,૩૧,૭૮૪ |

## લાભાર્થી પાત્રતા:–

આ યોજનાનો લાભ 0 થી 20 નો સ્કોર ધરાવતા બી.પી.એલ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓ, વન અધિકાર અધિનિયમ હેઠળ જમીન ખેડતા આદિજાતિ ખેડુતો તથા આદિમ જૂથના ખેડુતોને લાભ મળવા  પાત્ર છે.

- તમામ લાભાર્થીઓને જી.એસ.એફ.સી .એગ્રોટેક લી .દ્વારા વાવણી પહેલાની અને વાવણી પછીની તાલીમ આપવામાં આવે છે.
- જી.એસ.એફ.સી. એગ્રોટેક લી. દ્વારા માર્કેટ લીંકેજની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે.
- યોજના હેઠળ ડી–સેગ દ્વારા વર્ષ ૨૦૨૨–૨૦૨૩ થી **ઓનલાઈન પોર્ટલની** શરૂઆત કરવામાં આવી છે પોર્ટલની મદદથી યોજનાનું અમલીકરણ વધુ પરદર્શી બન્યુ છે. અરજી કરવાથી લઈ લાભો મંજુર કરવાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન થાય છે અને ડુપ્લીકેશન નિવારી શકાય છે.

Back To Index